**ક્રિ.પ.અ.નં.૧૮૮૧/૧૮**
સી.આઈ.ડી. ક્રાઈમ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૭/૧૬

**અરજદારને જામીન મુકિતના હુકમ અન્વયેની શરત નં.પ માં ગુજરાતના સ્થાને હદ્દ સબંધે ભારત તબદીલ કરવાની દાદ માંગતી અરજી આંક–૧ લગત હુકમઃ–**

---

૧) અરજી વંચાણે લીધી તથા અરજદાર તરફે વિ.વકીલશ્રી એન.આર.લીમ્બચીયાને સાંભળ્યા અને દસ્તાવેજી આધારો વંચાણે લીધા તેમજ સરકાર તરફે એ.પી.પી.શ્રી સારેસાનાઓએ કરેલ શેરો તેમજ શેરા મુજબની દલીલો સાંભળી અને રેકર્ડ પરની હકીકત ધ્યાને લીધી.

૨) અરજદારની અરજીની હકીકત એવી છે કે, સદર ગુનાના કામે અરજદારે ના.સેશન્સ કોર્ટમાં જામીન મેળવવા સારૂ ક્રિ.પ.અ.નં.૫૪૨૪/૧૭ થી દાખલ કરેલ જે અરજીના કામે ના.સેશનસ કોર્ટે તા.૯/૧૧/૨૦૧૭ ના રોજ અરજદારને શરતોને આધીન જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ છે જેમાં મુકવામાં આવેલ શરત નં.૫ મુજબ અરજદારે સંબધીત ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ્દ છોડવી નહીં. વધુમાં એવો પણ હુકમ કરવામાં આવેલ છે કે, અરજદારને જે શરતોને આધીન જામીન પર મુકત કરવામાં આવેલ છે તે શરતોમાં ફેરફાર કરવાની અને શરતોનો ભંગના કિસ્સામાં અરજદારના જામીન રદ્દ કરવાની સત્તા ટ્રાયલ કોર્ટને આપેલ છે. જેથી હાલના કામના અરજદાર વેપારી માણસ હોઈ, અને તેઓનું મુળ વતન રાજસ્થાન હોઈ, તેઓને ગુજરાત રાજય બહાર વાંરવાર ધાર્મિક–સામાજીક તેમજ વેપારના કામકાજે અર્થે જવાનું થાય છે. વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદારે જામીન મુકિતની શરતોનો કયારેય દુરઉપયોગ કરેલ નથી અને તમામ શરતોનું પાલન કરેલ છે. વધુમાં અરજદારે અસલ પાસપોર્ટ ના. સેશન્સ કોર્ટના હુકમ મુજબ તપાસનીશ અધિકારી પાસે જમા કરાવેલ છે અને તેઓ વેપારી માણસ છે સમાજમાં ઉડાણપુર્વક મુળ ધરાવે છે આથી કયાંય નાસી ભાગી જાય તેમ નથી. આમ, ઉપરોકત રજુઆત લક્ષમાં લઈ સદર અરજી મંજુર કરવા નમ્ર અરજ કરેલ છે.

૩) અરજદારના વિ.વકીલશ્રીએ મુખ્યત્વે તેમની અરજી મુજબની રજુઆત કરેલ છે. અને જણાવેલ છે કે, સદર ગુનાના અન્ય આરોપીઓ ના. ગુજરાત હાઈકોર્ટના હુકમથી આગોતરા જામીન પર મુકત થયેલ છે અને ના.ગુજરાત હાઈકોર્ટે પણ ટ્રાયલ કોર્ટની પરવાનગી લીધા વગર ભારત દેશની હદ્દ નહીં છોડવા શરત મુકેલ છે. જેથી આ કામના અરજદારને ના.સેશન્સ કોર્ટમાંથી જામીન પર મુકત કરતી વખતે મુકવામાં આવેલ શરત નં.૫ માં અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ગુજરાત રાજયની જગ્યાએ ભારત

દેશની હદ્દ છોડવી નહીં તેવો હુકમ કરવા રજુઆત કરેલ છે.

૪) કેસનું રેકર્ડ તથા ઉપરોક્ત અરજીની વિગતો ધ્યાને લેતા, અરજદારનું મુળ વતન રાજસ્થાન હોવાનું અને તેઓ વેપારી માણસ હોઈ, તેઓને ધંધાના કામે બહારગામ જવાનું થતુ હોય છે. વધુમાં અરજદાર/આરોપીને ના.સેશન્સ કોર્ટે જામીન આપતી વખતે મુકવામાં આવેલ શરતોમાં ફેરફાર કરવાની સત્તા અત્રે અદાલતને આપવામાં આવેલ છે અને વધુમાં અન્ય આરોપીઓને આગોતરા જામીન મંજુર કરતી વખતે ના.ગુજરાત હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ્દ છોડવી નહીં તેવી શરત સાથે હુકમ કરેલ હોઈ, અને હાલના અરજદાર/આરોપી પણ એજ ગુનામાં સંડોવાયેલ હોઈ, અને ના.સેશન્સ કોર્ટ ધ્વારા મુકવામાં આવેલ શરતોમાં ફેરફાર કરવાની સત્તા અત્રેની અદાલતને સોંપેલ હોઈ, તેમજ અરજદાર/આરોપીએ ના.સેશન્સ કોર્ટ ધ્વારા મુકાવામાં આવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતા, શરતમાં ફેરફાર કરવો ન્યાયી અને વાજબી જણાતું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબની શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

**— : હુકમ :—**

અરજદારની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

નામદાર અધિક સત્ર ન્યાયાધીશ, સીટી સેશન્સ કોર્ટ નં.૨૫, અમદાવાદનાઓએ ક્રિ.પ.અ.નં.૫૪૨૪/૧૭, ના કામે તા.૯/૧૧/૧૭ ના રોજ અરજદાર આરોપીની જામીન અરજી ઉપર કરેલ હુકમની શરત નં.૫ માં અરજદારે સબંધીત ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં ની જગ્યાએ અરજદારે સબંધીત ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં તેવો ફેરફાર અંગેનો આથી હુકમ કરવામાં આવે છે.

**::: શ ર તો :::**

૧) આ કામની ટ્રાયલ દરમ્યાન અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ મુદ્દત તારીખે અચુક હાજર રહેવું.
૨) અરજદારને મળેલ સ્વતંત્રતાનો કોઈ દુરપયોગ થાય તેવું કૃત્ય કરવું નહીં.
૩) અરજદાર ઉપરોકત શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો તેમના જામીન આપો–આપ રદ્દ થઈ જશે તેમજ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

હુકમ આજ તારીખ ૫ મી માહે એપ્રિલ, સને ૨૦૧૮ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.

(બી.બી.પટેલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

તા.૫/૪/૨૦૧૮.

**(GJ00292)**